## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



ના, આ સોદામાં બીલકુલ ભ્રષ્ટાચાર નથી, બાકી બધા જ સેક્ટરમાં ભરપુર ભ્રષ્ટાચાર તમે જોવો છો માટે તમને આવું લાગી રહ્યું છે....!!

# રાયસણની પરિણિતાએ પતિ સહિત ૭ સભ્યો સામે પોલીસ ફરીયાદ

ગાંધીનગર, તા.૧૮

દિકરીના જન્મ પછી પતિ સહિતના સાસરીયાનો ત્રાસ વધી ગયો છે, તેમજ દહેજની માંગણી કરાઈ હોવાના આક્ષેપ સાથે રાયસણની પરિણિતા ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે. જે અંગે પોલીસે અમદાવાદમાં રહેતા પતિ સહિત પરિવારના ૭ સભ્યો સામે શારીરીક-માનસિક ત્રાસ અને દહેજની માંગણી અંગેનો ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

રાયણસની મહિલા શિલ્પાબેન પટેલ (ઉં.વ.૩૯) એ નોંધાવેલી ફરીયાદ મુજબ વર્ષ ૨૦૧૫માં તેમના લગ્ન બિપિનચંદ્ર પટેલ (રહે.૨૬ મનમંદિર સોસાયટી રાણીપ) સાથે થયા હતા.તેઓને સંતાનમાં હાલ તેઓને ત્રણ વર્ષની દિકરી છે. તેમના આક્ષેપ મુજબ વર્ષ૨૦૧૬માં દિકરીના જન્મ બાદ તેમના પર સાસરીયાનો ત્રાસ વધી ગયો હતો. તેઓને દિકરાની ઈચ્છા હતી અને દિકરીનો જન્મ થયો તે સસરા ફુલચંદભાઈ નાથાલાલ પટેલ, સાસુ શુભદ્રાબેન, દિયર બ્રિજેશભાઈ દેરાણી વૈશાલી બેન, અને બે નણંદ આશાબેન ઉપેન્દ્રભાઈ પટેલ તેમજ નીતાબેન કશ્યપકુમાર પટેલને ગમ્યું ન હતું. તેઓ ફરીયાદીના પતિની ચઢામણી કરતા હતા અને રાયસણ ખાતે પિતા પાસે કિંમતી સ્થાવર મિલકત હોય દહેજમાં કંઈ લાવી નથી. જેથી રૂ.૫૦ લાખ આપવા પડશે તેવી માંગ કરી હતી.

જે અંગે પતિ ગાળાગાળી કરી મારઝુડ કરતો હોવાનો દાવો શિલ્પાબેનને કર્યો છે. નાની બહેનના લગ્નમાં પણ પતિએ ઝઘડો કર્યો હતો અને ત્યારબાદ ઘરે જઈને મુઢમાર માર્યો હતો. છેલ્લે સહન ન થતા તેઓ બે વર્ષ પહેલા પુત્રી સાથે રાયસણ પિતાના ઘરે આવી ગયા હતા. ફરિયાદીના માતા-પિતાએ પુત્રીનો સંસાર બગડે નહી તે માટે સામાજીક રીતે પ્રયત્નો કર્યા હતા. જો કે ફરીયાદીના સાસરી પક્ષ સભ્યો નહી સમજતા આખરે મહિલાએ પોલીસ ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.



નવા સેક્ટરોમાં ગટરલાઈન તુટી જવાના વારંવાર બનાવો બને છે. માર્ગોને પહોળા કરવામાં આવતા ગટરોના ઢાંકણા માર્ગની વચ્ચે આવતા તે અવારનવાર તુટી જાય છે. ઘ-૩ સર્કલ પાસે ગટરનું ઢાંકણુ તુટી જતા વાહનચાલકો હેરાન થઈ રહ્યા છે.

# વિશ્વ સનાતન સંઘના રાષ્ટ્રીય પ્રચારકને જાનથી મારી નાંખવાની ધમકી

### "તુ ઝેડ પ્લસ સિક્યુરીટી લેતા તબ ભી તેરે કો ઉડા દેંગે"

વિશ્વ સનાતન સંઘના નેતા ઉપદેશ રાણાને ફોન પર જાનથી મારી નાંખવાની ધમકી મળતા અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે. ઉપદેશ રાણા રવિવારના રોજ સાંજના સાડા પાંચ વાગ્યાના અરસામાં અગોરા મોલ હતા, ત્યારે તેમના મોબાઈલ પર ફોન આવ્યો હતો. જેમાં દુબઈથી યલગારખાન બોલતો હોવાનું જણાવી હિન્દીમાં ધમકી આપી હતી જેમાં "તેરે પાસ ૨૪ ઘંટે હૈ, બચના હૈ તો બચ લે" "તુજે ઐસી મોત દુંગા તુ સોચ ભી નહીં શકતા" બોલીને જાનથી મારી નાંખવાની ધમકી આપી ફોન કટ કરી દીધો હતો. ત્યારબાદ સાડા નવ વાગ્યે બીજા નંબર પરથી ફરી એક ફોન આવ્યો હતો. જેમાં કાશ્મીરથી બોલતો હોવાનું કહીને શખ્સે ધમકીઓ આપી હતી. બે મિનિટ સુધી ચાલેલી વાતમાં આ શખ્સે "તુ ઝેડ પ્લસ સિક્યુરીટી લેતા તબ ભી તેરે કો ઉડા દેંગે" જેવી ધમકી આપી હતી. જેને અનુલક્ષી તેઓએ રાત્રે ૧૦ વાગ્યાના અરસામાં અડાલજ પોલીસ સ્ટેશન પહોંચીને ધમકી ભર્યા બંન્ને ફોન અંગે ફરીયાદ નોંધાવી હતી. મુળ ઉતરપ્રદેશના અને હાલ સુરત દલાડવા ગામે માં આનંદી ટાઉનશીપમાં રહેતા ઉપદેશ સુભાષ રાણા ઉં.વ.૩૪ સામાજીક કાર્યકર છે. તેઓ વિશ્વ સનાતન સંઘના રાષ્ટ્રીય પ્રચારક તરીકે ત્રણ વર્ષથી કામ કરે છે અને રાણા યુથ ઓર્ગેનાઈઝેશન સંગઠનના રાષ્ટ્રીય અધ્યક્ષ પણ છે. છેલ્લા એકાદ અઠવાડીયાથી ઉપદેશ રાણાને આ પ્રકારે ધમકીભર્યા ફોન આવી રહ્યા છે. આ પહેલા તેઓ સુરત, રાપર, નબીપુર, નરોડા, ભરૂચ ખાતે ધમકીઓ અંગે પોલીસ ફરીયાદ નોંધાવી ચુક્યા છે.

# શ્રી સ્વામિનારાયણ દ્વિ શતાબ્દી સ્મારક હાઈસ્કૂલ લવારપુરમાં ઓડીસી નૃત્યનો વર્કશોપ યોજાયો



ગાંધીનગર તાલુકાના લવારપુર સ્થિત શ્રી સ્વામિનારાયણ દ્વિ શતાબ્દી સ્મારક હાઈસ્કૂલમાં જીઁઝ સ્છઝછરૂ આયોજીત ઓડીસી નૃત્ય એક દિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં નૃત્યના એક્સપર્ટ તરીકે ઓડીસાથી ગુજરાત રાજ્યના મહેમાન બનેલા સરિતા મિશ્રા ૨૦ દેશોમાં ૧૮૦૦થી વધારે પરફોર્મન્સ આપેલ છે. લવારપુર શાળાના વિદ્યાર્થીઓને તાલીમ આપી સજ્જ કર્યા હતા. ખૂબજ રોચક નૃત્ય દ્વારા અલગ અલગ ડાન્સ રજૂ કરવામાં આવ્યા હતા. આ વર્કશોપમાં મુખ્ય મહેમાન તરીકે પ્રકાશ કેળવણી મંડળના પ્રમુખ તથા મંત્રી કાર્યક્રમમાં હાજર રહી શોભામાં અભિવૃદ્ધિ કરી હતી. શાળાના કે.જી. થી ધોરણ ૧૨ના તમામ વિદ્યાર્થીઓએ ખૂબજ આનંદ માણ્યો હતો.

# રાયસણ વિસ્તારમાં પતિએ પત્નીને કાઢી મુકતા ફરીયાદ

### બિમારીમાં ઘરકામ ન થતા પાંચ લાખ દહેજ માંગ્યાના દાવા સાથે ફરીયાદ

ગાંધીનગર,તા.૧૮

રાયસણ પંડિત દિનદયાલ નગર ખાતે રહેતા પતિએ પોતાની પત્નીને લગ્નના ૧૬ વર્ષે ઘરમાંથી હાંકી કાઢતા મામલો પોલીસ મથકે પહોંચ્યો છે. બિમારીમાં ઘરકામ થતુ ન હોવાથી પતિએ પાંચ લાખ દહેજની માંગણી કરીને કાઢી મુકી હોવાના આક્ષેપ સાથે મહિલાએ ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ રાયસણ ગુડાના મકાન ખાતે રહેતા તરૂલતાબેનના (ઉં.વ૪૦) લગ્ન વર્ષ ૨૦૦૩માં રણજીત ભાઈલાલ સોલંકી સાથે થયા હતા. લગ્નજીવન દરમિયાન તેમને ૧૪ વર્ષની દિકરી અને ૧૩ વર્ષનો દિકરો છે. તેઓ ઔડામાં કરાર આધારીત નોકરી કરે છે તો પતિ પણ ઔડામાં કોમ્પ્યુટર ઓપરેટર તરીકે ફરજ બજાવે છે. તેમના સસરા પોર ગામે દિયર સાથે રહે છે. અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે તરૂલતાબેનને બિમારીને પગલે ઓગસ્ટ માસમાં ૧૧ દિવસ માટે એડમીટ કરાયા હતા. ડોકટરે તેમને ઠંડીમાં તેમજ ઠંડા પાણીમાં ઘરનું કામ નહી કરવા માટે સલાહ આપી હતી. જેથી તેઓ વધુ ઘરકામ કરી શકતા ન હતા. જેથી પતિએ ધમકી આપી હતી કે તારાથી ઘરનુ કામ ન થતુ હોય તો મારે તને રાખવી નથી. મારી સાથે રહેવુ હોય તો તારા ભાઈઓ પાસે દર માસે પાંચ હજાર રૂપીયા નોકરના રાખવા પડશે. પતિએ મહિલાને માર મારી ઘરમાંથી કાઢી મુકી હતી અને બાળકો પણ સાથે લઈ જવા દીધા ન હતા. તેઓ બાપુનગર પોતાના ભાઈના ઘરે આવ્યા હતા. તેમના આક્ષેપ મુજબ નણંદ સુનિતાબેન, કાકા સસરા રમેશભાઈ, કાકી સાસુ શારદાબેન, સસરા ભાઈલાલભાઈ પતિની અવાર-નવાર ચઢામણી કરતા હતા.મહિલાએ દાવો કર્યો છે કે પતિએ રાયસણમાં લીધેલુ મકાન પોતાના દાગીના વેચીને અને માતા પાસેથી દોઢ-બે લાખ લાવીને લીધેલુ છે. આમ છતા ફરીયાદી પાસે પાંચલાખની માંગણી કરાઈ હતી.વારંવાર દહેજની માંગણી શારીરીક-માનસિક ત્રાસને પગલે મહિલાએ પતિ સહિના સાસરીયાઓ સામે ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.



ગાંધીનગરની ઈન્ફોસિટી ક્લબ ખાતે કેવલ રિનીઝ ફીટનેસ સ્ટુડિયોની મુલાકાતે અમેરિકાના મશહૂર બોડી બિલ્ડર અભિનેતા જેઓ "ધ પ્રિડોર"ના ઉપનામથી જાણીતા છે તેવા કાઈગ્રીન આવ્યાં હતા. વિશ્વભરમાં આઈએફથી બોડી સ્પોર્ટ્સને પ્રોત્સાહન આપવા કાર્યરત કાઈગ્રીનની આ ભારત ખાતેની બીજી મુલાકાત હતી જેમને નિહાળવા મોટી સંખ્યામાં યુવા ચાહક વર્ગ ઉમટી પડ્યો હતો.

### ખેતીલાયક જમીનમાં પ્લોટ પાડી આચરાયેલ ગેરરીતી સંદર્ભે

# રોકાણકારો સીઆઈડી ક્રાઈમ ગાંધીનગરનો સંપર્ક કરે

ગાંધીનગર, તા. ૧૮

ઉત્કર્ષ પ્લોટર્સ કંપની દ્વારા મહારાષ્ટ્ર જલગાંવ ખાતે ખેતી લાયક જમીનમાં પ્લોટ પાડીને તેમાં રોકાણ કરવા અંગે જાહેરાત કરીને નાગરિકોને રોકાણ કરવા જણાવીને રોકાણકારો સાથે છેતરપીંડી કરી છે. જે રોકાણકારોએ આ કંપનીમાં રોકાણ કર્યું હોય તેઓએ સી. આઈ. ડી. ક્રાઈમ ગાંધીનગરના પી.એસ.આઈ. પી.એમ. ચૌધરી મોબાઈલ નંબર: ૯૦૯૯૦ ૨૩૫૯૦નો સંપર્ક કરવા સી. આઈ.ડી. ક્રાઈમ ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે.

ઉત્કર્ષ પ્લોટર્સ એન્ડ મલ્ટી એગ્રો સોલ્યુશન ઈન્ડિયા લીમીટેડ, ૯, બેઝમેન્ટ, એ-વીંગ, સ્ટેડિયમ કોમ્પલેક્ષ, એહેડ એસ.બી.આઈ. બ્રાન્ચ, જલગાંવ કંપની દ્વારા મહારાષ્ટ્રના જલગાંવ ખાતે ખેતી લાયક જમીનમાં પ્લોટ પાડીને તેમાં રોકાણ કરવા માટે રાજ્યમાં નં-૧, રામનગર કોર્નર, અંબિકા રોડ, વિમલનગર સામે, હાટકેશ્વર, અમદાવાદ અને એફ-૧૩, આર.ડી. કોમ્પલેક્ષ, દિપક કોર્પોરેશન સામે નવા ગામ ડીંડોલી રોડ, સુરત ખાતે શાખાઓ ખોલીને કંપની દ્વારા ઓફિસમાં વિવિધ સ્કીમોમાં નાગરિકો પાસે રોકાણ કરાવ્યું હતું. રોકાણકારોને પાકતી મુદતે પૈસા પરત ન મળ્યા હોવાનું જાણવા મળ્યું છે. જે રોકાણકારો સાથે છેતરપીંડી કરી હોય તેઓએ સંબંધિત પી.એસ. આઈ.ના નંબર પર તથા સી.આઈ. ડી. ક્રાઈમ, પોલીસ ભવન, સે.૧૮ ગાંધીનગર ખાતે સંપર્ક કરવો.



### ગાંધીનગર જિલ્લાનું ગૌરવ, રસ્સાખેંચ સ્પર્ધામાં પ્રથમ વિજેતા

અંજાર મુકામે ગુજરાત રાજ્યકક્ષાની રસ્સાખેંચ સ્પર્ધામાં અન્ડર-૧૭ (ભાઈઓ)ના ગ્રુપમાં ગાંધીનગર ગ્રામ્યના બાળકો બાલવા તથા મગોડીના ખેલાડી ટીમ પ્રથમ ક્રમ મેળવી વિજયી બનતા બન્ને શાળાના વ્યાયામ શિક્ષકને અભિનંદન પાઠવવામાં આવ્યા છે. ગાંધીનગર જિલ્લાનું ગૌરવ વધારવા બદલ અભિનંદનને પાત્ર બન્યા છે.

# એસ.કે. પટેલ ઈન્સ્ટિટયૂટ ઓફ મેનેજમેન્ટ એન્ડ કમ્પ્યુટર સ્ટડીઝનું ભૂતપૂર્વ વિદ્યાર્થી સ્નેહમિલન યોજાયું

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન એસ.કે. પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ એન્ડ




કમ્પ્યુટર સ્ટડીઝ-એમબીએ દ્વારા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન રવિવારે યોજવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ જુબિલીએશન હોલ, એસજી હાઈવે, અમદાવાદ ખાતે યોજાયો હતો. જેમાં વર્ષ ૧૯૯૮ થી લઈ ૨૦૧૯ સુધીના દરેક બેચના વિદ્યાર્થીઓએ હાજરી આપી હતી. કાર્યક્રમમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ ગાંધીનગરના ચેરમેન ડૉ. કનુભાઈ પટેલ અને ઈન્સ્ટિટયૂટના પૂર્વ ડિરેક્ટર ડૉ. એસ. ચિન્નમ રેડ્ડી હાજર રહ્યા હતા અને તેમણે કાર્યક્રમના મહત્વ વિષે તથા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ સંસ્થાને આગળ લાવવા માટે શું યોગદાન આપી શકે તે અંગે માર્ગદર્શન પુરું પાડયું હતું.

આ કાર્યક્રમનું કોર્ડિનેશન ડૉ. પ્રકાશ એમ. ચાવલા અને ડૉ. સંધ્યા હરકાવત દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં અલગ અલગ ક્ષેત્રમાં કામ કરતા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. જેમાં અમીષ શાહ (બેચ ૨૦૦૩-૨૦૦૫)ને ઉત્તમ ઉદ્યોગ સાહસિક, નીલમ પંચાલ (બેચ ૧૯૯૯-૨૦૦૧)ને શૈક્ષણિક ક્ષેત્રમાં શ્રેષ્ઠતા, ચિરાગ યાદવ (બેચ ૨૦૦૬-૨૦૦૮)ને કોર્પોરેટ ચેમ્પિન, સ્વપ્રિલ દેસાઈ (બેચ ૨૦૦૨-૨૦૦૪)ને કોર્પોરેટ લીડર તથા પિયુષ અરોરા (બેચ ૨૦૧૧-૨૦૧૩)ને રાઈઝિંગ સ્ટાર તરીકે નવાજવામાં આવ્યા હતા. આ ઉપરાંત વિદ્યાર્થીઓના મનોરંજન માટે સાંસ્કૃતિક કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો હતો. જેમાં ચાલુ બેચના તથા પૂર્વ બેચના વિદ્યાર્થીઓએ સાંસ્કૃતિક કૃતિઓ પ્રસ્તુત કરી હતી અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને એમના કોલેજના સુંદર દિવસોની હળવી યાદ અપાવી હતી.

# એનઆઈસીએમ-એસજેપીઆઈ કોલેજ ખાતે 'ડિજીટલ માર્કેટીંગ'' વિષયે વર્કશોપ યોજાયો

ગાંધીનગરના પ્રવેશદ્વાર સમા ચ-૦ સર્કલ નજીક સ્થિત જયરામભાઈ પટેલ ઈન્સ્ટિટ્યુટ



ઓફ બીઝનેસ મેનેજમેન્ટ કોલેજના વિદ્યાર્થીઓ માટે 'ડિજીટલ માર્કેટીંગ' વિષયે વર્કશોપનું આયોજન કરાયુ હતુ. આ વર્કશોપમાં અમદાવાદની કોમ્યુનિકેશનલ ક્રોફ્ટ પ્રા.લિ.ના અમિત ગૌરવ જેઓ એનઆઈસીએમ-એસજેપીઆઈ સંસ્થાના જ પૂર્વ વિદ્યાર્થી રહી ચુક્યાં છે તેમના દ્વારા માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યું હતું.

"શીખતા રહો અને શીખવતા રહો'' આ ઉક્તિને ચરિતાર્થ કરતા અમિત ગૌરવે એનઆઈસીએમ-એસજેપીઆઈના વિદ્યાર્થીઓને આજના યુગમાં સોશ્યલ મિડીયા સહિતના વિવિધ માધ્યમોને પ્રાધાન્ય આપી તેનો વિશેષ ઉપયોગ કેવી રીતે કરવો જે કારગત નિવડે તે અંગે સવિસ્તર સમજ આપી હતી. આ સાથે તેમણે વિદ્યાર્થીઓની વિષય અનુરૂપ જિજ્ઞાસાવશ સવાલોના પણ ઊંડાણપૂર્વક ઉત્તર આપી વિષય નિષ્ણાંતની ફરજ બજાવી હતી. સમગ્ર વર્કશોપનું એનઆઈસીએમ-એસજેપીઆઈ કોલેજના વડા ડાયરેક્ટર ડૉ. નિર્મલ જૈનની આગેવાનીમાં કોલેજના એસોસિએટ પ્રોફેસર ડૉ. કૃણાલ જોષીએ આયોજન તથા સંચાલન કર્યુ હતુ.

# ગાંધીનગર જિલ્લાં હોમગાર્ડઝની ભરતી અંગે જોગ

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લાના માણસા યુનિટ, ઉનાવા યુનિટ, ઉવારસદ યુનિટ, રખિયાલ તથા ડભોડા યુનિટના જે તે પોલીસ સ્ટેશન (તાલુકા) વિસ્તારના રહેવાસી નાગરીકો પાસેથી હોમગાર્ડઝની ભરતી માટે અરજીઓ મંગાવવામાં આવે છે.

ભરતી થવા ઈચ્છુક ઉમેદવારોએ આગામી તા. ૧૮-૧૧-૧૯થી તા. ૩૧-૧૧-૧૯ સુધીમાં સાંજના ૫ થી ૭ સમય દરમિયાન સ્થાનિક હોમગાર્ડઝ યુનિટ કચેરી ખાતે નિયત બોર્ડ ઉપર દર્શાવેલ નિયત નમુનામાં અરજી કરવાની રહેશે. નિયત નમુનો જે તે યુનિટ કચેરીના નોટીસ બોર્ડ પરથી મેળવી લેવાનો રહેશે તેમજ ભરતી માટેની લાયકાતમાં ઉમેદવાર ભારતનો નાગરીક હોવો જોઈએ, ઓછામાં ઓછુ ધો. ૧૦ પાસ હોવો જોઈએ, તા. ૩૦-૧૧-૧૯ના રોજ ઉમંર ૧૮ વર્ષથી ઓછી અને ૫૦ વર્ષથી વધુ ન હોવી જોઈએ, ઊંચાઈ ૧૬૨ સે.મી.થી વધુ હોવી જોઈએ, વજન ઓછામાં ઓછુ ૫૦ કિ.ગ્રા.થી વધુ હોવું જોઈએ, છાતી ઓછામાં ઓછી સામાન્ય ૭૯ સે.મી. અને છાતી ઓછામાં ઓછી ૫ સે.મી. થી વધુ ફુલાવેલી હોવી જોઈએ, ઉમેદવારે કોઈ પ્રકારનો ગુનો કરેલ ન હોવો જોઈએ તેમજ કોઈ કોર્ટ દ્વારા સજા થયેલ ન હોવી જોઈએ અને ઉમેદવાર કોઈ કોમી સંસ્થા સાથે જોડાયેલ ન હોવો જોઈએ, ઉપરોક્ત લાયકાત ધરાવતા ઉમેદવારોની ભરતી કસોટી ૧૬૦૦ મીટર દોડ ૯ મિનીટમાં પુરી કરવાની રહેશે જે માટે નિયત તારીખે ટેસ્ટ આપવાનો રહેશે, વધારાની લાયકાતમાં એન.સી.સી., રમત-ગમત સ્પર્ધા રાજ્ય/યુનિર્વસીટી કક્ષામાં ભાગ લીધેલ હોઈ, હેવી/લાઈટ મોટર વ્હિકલ લાયસન્સ ધરાવતા તેમજ કોમ્પ્યુટર અંગેનું 'સી.સી.સી.' પરીક્ષા પાસ તેમજ યોગ, મીકેનીકલ, ઈલેક્ટ્રીકલ, ઓફીસ ઓટોમેશન, ઓટો મોબાઈલ્સ અને નર્સીંગ ટ્રેડનો ડિપ્લોમાં અથવા આઈ.ટી.આઈ. સર્ટીફિકેટ ધરાવતા ઉમેદવારોને વધારાના ગુણ મળવાપાત્ર રહેશે.



પીડીપીયુ કેમ્પસની સ્કૂલ ઓફ લિબરલ સ્ટડીઝ ખાતે યોજાયેલા "ઈન્સ્પા"ના સ્કૂલ સાયકોલોજી કોમ્પેટેન્સિસ કોન્ફરન્સમાં રાજ્યના અધિક મુખ્ય સચિવ પંકજકુમાર અતિથિ વિશેષપદે ઉપસ્થિત રહ્યાં હતા. કોન્ફરન્સના સમાપને ગુજરાત નેશનલ લૉ યનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડૉ. સનથકુમાર તથા ગુજરાત લૉ સોસાયટીના રજીસ્ટ્રાર ડૉ. જોશીએ સંબોદન કર્યુ હતુ. અત્રે ઉલ્લેખનીય છે કે આ વર્કશોપમાં દેશ-વિદેશના મળીને ૩૦ પાર્ટિસિપેટ્સે ભાગ લીધો હતો જેમને વિવિધ ૩૨ વિષય નિષ્ણાતો દ્વારા વિસ્તૃત માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યુ હતુ. આ ઉપરાંત ૨૫૦ જેટલા ડેલિગેટ્સ ઉપસ્થિત રહ્યાં હતા અને ૨૪૦ જેટલા સંશોધનપત્રો રજૂ કરાયાં હતા.



### પોલીસ તંત્ર દ્વારા શ્રધ્ધાંજલિ દિવસ નિમિતે ટ્રાફિક નિયમોનું પાલન કરનાર નાગરીકોને ફુલ આપી સન્માનિત કરાયા

વિશ્વ શ્રધ્ધાંજલિ દિવસ અંતર્ગત અકસ્માતમાં મૃત્યુ પામેલા નાગરીકોને બે મિનિટનું મૌન પાડી પોલીસ જવાનો દ્વારા શ્રધ્ધાંજલિ આપવામાં આવી હતી. તે ઉપરાંત વિશ્વ શ્રધ્ધાંજલિ દિવસ નિમિતે હેલ્મેટ, સીટબેલ્ટનો ઉપયોગ કરનાર અને ટ્રાફિક નિયમોનું પાલન કરનાર વાહનચાલકોને ફુલ આપી સન્માન કરવામાં આવ્યું હતું. તો બીજીતરફ અન્ય વાહનચાલકોને ટ્રાફિકના નિયમોનું પાલન કરવા માટે સમજણ આપવામાં આવી હતી. જયારે ટ્રાફિક પોલીસે વાહન ચેંકીગ ડ્રાઈવને લગતી કામગીરી કરી હતી.